
## હરિ નજર - ખરી નજર




બેટા, તારે ઓઝોન-બોઝોન વિશે સમજવાની જરૂર નથી, તારા મમ્મી-પપ્પાને બધી ખબર છે. તારે ફક્ત એક ચાર્ટ એમની પાસે તૈયાર કરાવવાનો છે !

## ગાંધીનગર તાલુકા કક્ષા વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-ઉનાવામાં સંપન્ન



ગાંધીનગર તાલુકાકક્ષા વિજ્ઞાન, ગણિત પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ઉનાવા શ્રેષ્ઠ પ્રાથમિક શાળા ખાતે કરાયું હતું. તસવીરમાં શ્રી શકરાબાપા ગોગા બાબાએ ઉદ્‌ઘાટન કરીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. શ્રી પિયુષભાઈ પટેલ સરપંચશ્રી ઉનાવા ગ્રામ પંચાયત, શ્રી બહાદુરસિંહ સોલંકી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નારણભાઈ શીવાભાઈ વસઈકર, આચાર્યશ્રી પ્રાથમિક શાળા ઉનાવા દશ્યમાન જણાય છે.

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત શૈક્ષણિક અને તાલીમ પરિષદ પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ગાંધીનગર આયોજિત ગાંધીનગર તાલુકાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૧૨ ઉનાવા શ્રેષ્ઠ પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિકોએ ૧૩૫ કૃતિ રજુ કરેલ હતી. બાળકોને પૂજ્ય શકરાબાપા કરશનબાપા ગોગા મંદિર તરફથી ભોજન આપવામાં આવેલ હતું. કાર્યક્રમના અધ્યક્ષપદે ઉનાવા ગ્રામ પંચાયતના સરપંચશ્રી પિયુષભાઈ પટેલ હતા. ઉદઘાટક શ્રી પૂ. શકરાબાપા ગોગામંદિર ઉનાવા મુખ્યમહેમાન પદે શ્રી બળદેવભાઈ ચૌધરી, મહામંત્રી ગુ.રા. પ્રાથમિક શિક્ષક સંઘ, શ્રી ઉર્મિલાબેન રાવલ, ઈ.રા. પ્રાચાર્ય શ્રી ડાયેટ ગાંધીનગર, શ્રી બહાદુરસિંહ સોલંકી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા શિક્ષકો શિક્ષકસંઘના પદાધિકારીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ૩૦ પ્રાથમિક શાળાના બાળકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી જયંતિલાલ બ્રહ્મભટ્ટે, શ્રી અમૃતલાલ દવેએ કર્યું હતું. આભારવિધિ શ્રી નારણભાઈ શિવાભાઈ વસઈકરે કરી હતી.

## સિન્ડીકેટની ૧૦ બેઠકો માટે કુલ ૧૯ ઉમેદવારો મેદાનમાં

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટની આગામી ૩૦મી સપ્ટે.ના રોજ યોજાનાર ચૂંટણીમાં આજે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના મળી કુલ ૧૨ ઉમેદવારોએ ફોર્મ પર ખેંચતા હવે સિન્ડીકેટની ૧૩માંથી ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવાર અને બોર્ડ ઓફ એકાઉન્ટની ૩ બેઠકો માટે ૯ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે કુલ ત્રણ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે ગુજરાત યુનિવર્સિટી સીન્ડીકેટની ચૂંટણી સિન્ડીકેટની ૧૩માંથી ૩ બેઠકો જ બિનહરીફ જાહેર થઈ છે. ગત વર્ષે મોટાભાગની બેઠકો બિનહરીફ થતાં ચૂંટણીનું વાતાવરણ નિરાશ થઈ ગયું હતું જ્યારે આ વખતે ૧૩માંથી ૩ બેઠકો જ બિનહરીફ થતાં ચૂંટણી રસાકસી ભરી રહેવાની શક્યતા છે. આજે બિનહરીફ જાહેર થયેલી ૩ બેઠકોમાં યુનિવર્સિટીના પ્રોફેસર હોય તેવા સેનેટ સભ્ય વિજયાલક્ષ્મીચારી અને ડો. કુમારી નિશા કે. શાહ ઉપરાંત સંસાલકની બેઠક ઉપર દેવાંગ નાણાવટી બિનહરીફ જાહેર થયા છે.

## સ્કૂલ ઑફ ઍચિવર ખાતે કૅન્સર અંગે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગ્લોબલ કેન્સર કોન્કર્ન ઈન્ડિયા સંસ્થાના ઉપક્રમે સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે ગત શનિવારના રોજ ધોરણ ૮થી ૧૦ના બાળકો માટે સંસ્થાના એન્જીયો પ્રવક્તા રાજેશ હિરવાનિયાએ કેન્સર અંગે સચોટ માહિતી આપી બાળકોને કેન્સર થવાનાં કારણો, તેનાં જોખમો અને તે ન થાય તેની તકેદારી માટેના ઉપાયોથી વાકેફ કર્યા હતા. આ પરિસંવાદનો લાભ સંસ્થા પરિવારના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો. સંસ્થાના આચાર્ય તથા પદાધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત આજે ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ગાંધીનગર અક્ષયપાત્ર સંસ્થાની મુલાકાત લીધી હતી. જેમાં જે તે વર્ગના વર્ગશિક્ષકો સાથે સુપરવાઈઝર જોડાયા હતા.

## કડી પી.ટી.સી. કૉલેજમાં ગણેશ ચતુર્થી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પી.ટી.સી. કૉલેજ, એસ.વી. કેમ્પસ કડીમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી. પ્રાર્થના સભામાં ભજન, ગીત, ધૂન, સ્તૃતિ, વક્તવ્ય દોહા ચોપાઈ પ્રત્યક્ષ નરાસળીમાંથી ગણેશનું ટી.એલ.એમ. બનાવી તાલીમાર્થીઓને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્યશ્રી બાબુભાઈ પટેલે ગણેશ ચતુર્થીની મહત્તા, ઉપાસનાની યોગ્ય પધ્ધતિ, ધર્મ સાથેનું જ્ઞાન, ગણેશજીનો જન્મ, પાણીમાં વિસર્જન કરવાથી થતું પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ, ઉપવાસની સમજ આપી. ઝાલા રઘુવીરભાઈ ગણેશના જન્મની પૌરાણિક કથા વિષે જાણકારી આપી હતી.

## મેરી ટાઈમ બોર્ડ વેરાવળમાં રેકર્ડ મેનેજમેન્ટ તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા દફતર કચેરી જૂનાગઢ ગુજરાત રાજ્ય અભિલેખાગાર તરફથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વેરાવળમાં રેકર્ડ મેનેજમેન્ટની તાલીમનું આયોજન કરાયેલું હતું જેમાં ગુજરાત મેરી ટાઈમ બોર્ટ વેરાવળના ૫૦ કર્મચારીઓને રેકર્ડ મેનેજમેન્ટની તાલીમ મેળવેલી હતી. પોર્ટ ઓફીસર સી.એમ. પરમાર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. જૂનાગઢના અધિક્ષક શ્રી જિતેન્દ્રભાઈ શાહ દ્વારા કર્મચારીઓને રેકર્ડની અગત્યતા પ્રક્રિયા જૂના દેશી રાજયો કચ્છ, વડોદરા વગેરેના દસ્તાવેજો રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ અને રેકર્ડ વિશે માહિતી આપી હતી. આભારવિધિ હેડ કલાર્ક આર. કે. ચાવડાએ કરી હતી.

# માઉન્ટ કાર્મેલ શાળામાં મધર વેરોનીકા ઈન્ટર સ્કૂલ ફૂટબૉલ ટુર્નામેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

માઉન્ટ કાર્મેલના સ્થાપિક મધર વેરોનીકા વર્ષની ઉજવણીના અનુસંધાનમાં આજે શાળા મેદાનમાં મધર વેરોનીકા ઈન્ટર સ્કૂલ ફૂટબૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઉન્ટ કારમેલ શાળા, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, બીએપીએસ, આદર્શ નિવાસી શાળા તેમજ હિલવૂડના કુલ ૧૭૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રથમ વખત જ આયોજિત આ ફૂટબૉલ ટુર્નામેન્ટના ભવ્ય આયોજનમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ખેલદિલીપૂર્વક રમી વિજય મેળવવા પ્રોત્સાહિત કરી ટુર્નામેન્ટને ખુલ્લી જાહેર કરી હતી. કોર્પોરેટર શૈલેન્દ્ર બિહોલા, પ્રવિણભાઈ પટેલ, ભાવનાબેન વાઘેલા, ડેપ્યુટી કલેક્ટર સંજય જોષી, ડૉ. જગદીશ જોષી, વાલી-શિક્ષક મંડળના પ્રમુખ મમતાબેન રાવલ સહિત વાલીમંડળના સભ્યો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. ટુર્નામેન્ટના કોમેન્ટેટર તરીકે શાળાના પૂર્વ વિદ્યાર્થી એલેક્ષ તથા વેલરીનાએ સુંદર સેવા આપી હતી.

શાળાના મેનેજર સિસ્ટર મારિયા શાંતિ, શાળાના આચાર્ય સિસ્ટર રેણૂકાના માર્ગદર્શન અને પ્રેરણાથી તથા શાળાના વ્યાયમ શિક્ષક દીપા બારોટના સહકારથી તથા હિમાંશુ ચૌહાણ અને વિક્રમ ચૌહાણ બંને કોચની તાલીમથી વિદ્યાર્થીઓએ ટુર્નામેન્ટમાં સુંદર દેખાવ કર્યો હતો.


# એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમની શાળામાં હિન્દી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨




બેંક ઓફ બરોડા પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા હિન્દી દિવસ અંતર્ગત એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમની શાળામાં વક્તૃત્વ સ્પર્ધા અને ચાર્ટ મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ માધ્યમિક શાળામાં હિન્દીમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કાજલ પ્રથમ ક્રમે, જિજ્ઞાશા દ્વિતીય ક્રમે, માધવી તૃતીય ક્રમે વિજેતા થઈ હતી. આશ્વાસન ઈનામ દેવીસિંહ અને રાજશ્રીને આપવામાં આવ્યું હતું. ચાર્ટ મેકિંગ સ્પર્ધા 'હિન્દી સાહિત્યકારો કા જીવન કવન' અંગે યોજાઈ હતી. સ્પર્ધામાં અંશુ તિવારી પ્રથમ ક્રમે, વિમલકુમાર દ્વિતીય ક્રમે અને રાજ પુરોહિત શ્રીપાલ તૃતીય ક્રમે વિજેતા થયો હતો. મેહફૂજા શેખ અને ગીરીશ જોશીને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિશેષરૂપે જર્મનીથી અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થિની હિલ્લેરી કે જેને હિન્દી આવડતી ન હોવા છતાં પાલ્ય પિતાની મદદ વડે ચાર્ટ બનાવ્યો હતો. તેને વિશેષ ઈનામ પ્રાપ્ત થયું હતું. બન્ને પ્રતિયોગિતાના નિર્ણાયક તરીકે બેંક ઓફ બરોડા ટ્રેનીંગ સેન્ટર ગાંધીનગરનાં વિકાસ ચાવલા અને મનિષા ત્રિપાઠીએ સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં ડૉ. વર્ષાબેન સુપર્ણાબેન અને ચિત્રાબેને ખૂબ જહેમત ઉઠાવી હતી. વિનોદકુમારસિંહ અને પ્રાચાર્ય અર્પિતભાઈએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રોત્સાહિત કર્યા હતા.



યુનિવર્સિટી પાસે આવેલી સેન્ટ ઝેવિયર્સ કોલેજનાં બીસીએનાં વિદ્યાર્થીઓએ જુદી જુદી માંગણીઓને લઈને દેખાવો કર્યા હતાં.

## સંસ્કાર ગ્રુપ દ્વારા ૨૯મી વન્ય પ્રાણી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

સંસ્કાર ગ્રુપ દ્વારા દર રવિવારે જુદી જુદી પ્રવૃત્તિનું આયોજન થાય છે, તા. ૨૯ અને ૩૦ મી સપ્ટેમ્બરપે વન્ય પ્રાણી ઉજવણી ગ્રુપ દ્વારા ઉજવવામાં આવશે, સ્ફૂર્તિ અને ગ્રામ્ય વિસ્તારમાં પર્યાવરણને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. તેમ પ્રમુખશ્રી સંસ્કાર ગ્રુપ દ્વારે જણાવેલ છે.

## રવિવારની રમૂજ

મારે હપ્તેથી સાયકલ ખરીદવી છે, આપશો ?
હા, બોલો પહેલાં હેન્ડલ લઈ જશો કે પૅડલ ?

★ ★ ★ ★ ★

પપ્પા : સાંભળો, ઘરનું બજેટ ડામાડોળ થઈ ગયું છે, જે કોઈ મને કરકસરનો ઉપાય બતાવશે તેને હું સો રૂપિયા ઈનામ આપીશ.
પુત્ર : પપ્પા, મારી પાસે કરકસર કરવાનો સરસ ઉપાય છે.
પપ્પા : શાબાશ, બોલ કયો ઉપાય છે ?
પુત્ર : ઈનામની રકમ પચાસ રૂપિયા કરી દો.

★ ★ ★ ★ ★

બે ડ્રાઈવરો મ્યુઝિયમમાં ગયા.
ગાંધીજીના ચિત્ર નીચે ૧૮૯૭ - ૧૯૪૮ લખેલું હતું.
એક બોલ્યો - 'આ શાનો નંબર હશે?'
બીજાએ કહ્યું, 'કદાચ જે ગાડી નીચે આવી ગયો હશે તેનો નંબર લાગે છે.'

★ ★ ★ ★ ★

અભણ છગનને જેલમાં જેલરે વાંચતા લખતાં શીખવાડી દીધું. આજે પણ છગન ફરી વખત જેલમાં છે. ચૅકનાં બનાવટી સહી કરવા બદલ.

★ ★ ★ ★ ★

ટ્રેનમાં સરદારજી બાથરૂમ સુધી જાય અને પાછા આવે. આવું ત્રણ-ચાર વખત બન્યું. કોઈકે પૂછ્યું. 'સરદારજી, કંઈ ચેન નથી લાગતું?'
સરદારજી બોલ્યા, 'ચેન તો છે પણ ખુલતી નથી.'

★ ★ ★ ★ ★

શિક્ષક : 'દુનિયાનું સૌથી ઝડપી પ્રાણી કયું?'
મનિયો : 'ચિત્તો, અને માણસ પણ. જો ચિત્તો એની પાછળ પડ્યો હોય તો.'

★ ★ ★ ★ ★

એક કવિ, કવિ સંમેલનમાં ઊભા થઈ બોલવા ગયા ત્યાં એમના મોઢામાં ગોઠવેલું ચોકઠું બહાર નીકળી ગયું. કવિએ ઝડપથી ચોકઠું મોઢામાં ગોઠવી દીધું. ફરીથી બોલવા ગયા ત્યાં ફરીથી ચોકઠું બહાર. આમ વારંવાર બન્યું.
એક શ્રોતા બોલ્યો : 'કવિરાજ, કંઈ સંભળાવશો કે બસ, આજ જ કૅસેટ બદલ્યાં કરશો?'

★ ★ ★ ★ ★

નૅપોલીયન જયારે રણમોરચે લડવા જતો ત્યારે લાલ રંગના કપડાં પહેરીને જતો. જેથી તે ઘવાય અને લોહી નીકળે તો પણ દુશ્મનોને ખ્યાલ ન આવે. પાકિસ્તાની સૈનિકો આ જ પધ્ધતિ અપનાવી પીળા રંગના પાટલૂન પહેરી રણમોરચે લડવા જાય છે.

★ ★ ★ ★ ★

શિક્ષક : 'શાબાશ, મનિયા, દર વર્ષે આ રીતે જ પહેલાં નંબરે પાસ થજે.'
મનિયો : 'થેંક્યુ, તમે પણ પ્રશ્નપત્રો છાપવાનું કામ સારા મારા મામાના પ્રેસમાં જ આપજો.'

★ ★ ★ ★ ★

શિક્ષક : 'ટપુ કેમ મોડો આવ્યો?'
ટપુ : 'મારા નાના ભાઈને વાળ કપાવવા લઈ ગયો હતો.'
શિક્ષક : 'પણ એ કામ તો તારા બાપા પણ કરી શક્યા હોત.'
ટપુ : હા, પણ હજામ સારી રીતે કાપી શકે છે.

★ ★ ★ ★ ★

'ઊઠ બેટા, નિશાળનો ટાઈમ થયો, હવે બૅલ વાગતાં પહેલાં નિશાળમાં પહોંચી જવાનું. એ જ સાચી શિસ્ત.'
'નહીં બા ! મારે હવે નિશાળે નથી જવું. છોકરા મારી ઠેકડી ઉડાવે છે, શિક્ષકોને પણ હું નથી ગમતો.'
'જો બેટા દરેક નિશાળમાં આવું તો ચાલ્યા કરે, અને બાવન વર્ષનો ઢગા જેવો આચાર્ય થઈને તું નિશાળે ન જાય એ કેમ ચાલે?'

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

## વ્હાલે અમને યાદ કીધા

રાધા, રાધા શું કરો છો, રાધા તો ભૂતકાળ છે,
રુકમણિ રીસે બોલ્યાં, 'પ્રેમ તણો દુ:કાળ છે ?'
કહ્નોજી વિચાર કરે છે, આને મારે શું કહેવું ?
ગંગાજીમાં ડૂબકી મારી, સૂકી સાબરમાં વહેવું ?
'રાધા રાધા રટ્યા કરો છો, રાધા વિણ શું મોળું છે ?'
એના નયનો કાળા છે ને મારું કાજળ ધોળું છે ?'
'ઘેલા રાણી, ઘેલા રાણી આવા શા તોફાન કરો ?
મારી બંસીના સૂરોમાં, શીદને ગાંડા ગાન ભરો ?'
'રાધાજીનું નામ મૂકો ને અમને અઢળક વ્હાલ દીયો,
જમનાના જળ ભૂલી જઈને અહીંના મીઠા પાન પીઓ.'
'ભલે ભલે ભાઈ' કહીને કહાને રુકમણિને વ્હાલ કીધાં,
ત્યાં તો રાધા ખૂબ ભીંસાણી, 'વહાલે અમને યાદી કીધા.'

- રણછોડ વી પરમાર

# સંગીતના નિર્માણમાં મનુષ્યને એકમાત્ર પોતાના આત્માના પ્રતિબિંબને સન્મુખ રાખવો પડે છે

## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

॥ તેરમો મણકો ॥

**વેદોમાં સંગીતનું માહાત્મ્ય**

સંગીતની અભિવ્યક્તિનો આધાર પ્રાય: સ્વયં સંબંધ છે, પરસંબંધ નથી. સંગીતમાં કોઈ બાહ્ય આધારનો આશ્રય લેવો પડતો નથી. સંગીત પોતાના હૃદયમાં ઉત્પન્ન થતા નાદ દ્વારા ભક્તિ, કરુણ, શ્રુંગાર વગેરે રસાત્મક ભાવો પ્રગટ કરે છે. સંગીતના નિર્માણમાં મનુષ્યને એકમાત્ર પોતાના આત્માના પ્રતિબિંબને સન્મુખ રાખવો પડે છે.

બ્રહ્માંડના કણકણનું રહસ્ય જેમાં સમાયેલું છે તેવા વેદો જેનો કોઈ આદિ નથી કે અંત નથી, જે અનાદિ છે તેવા વેદોમાં પણ સંગીતના માહાત્મ્યનું વર્ણન હોવા મળે છે. એવું કહી શકાય કે વેદોની એક એક ઋચાઓમાં સંગીત સમાયેલું છે.

ઋગ્વેદ : ઋગ્વેદમાં ગીત માટે ગીર, ગાતું, ગાથા, ગાયત્રી, ગીતિ તથા સામ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. ઋગ્વેદની ઋચાઓ સ્વરાવલિમાં નિબદ્ધ છે. તેથી તે 'સ્તોત્ર' કહેવાતી ઋચાઓના બે પ્રકાર છે : ૧. શાસ્ત્ર અને ૨. સ્તોત્ર.

સ્તોત્રનું ગાન 'ઉદાત' આદિ ગાયકો ઋત્વિજોના દ્વારા તથા શાસ્ત્રનું પઠન 'હોતા'ના દ્વારા થતું હતું. ઋગ્વેદમાં ગાયનની સાથે વાદ્યોનો પ્રયોગ પણ પ્રચલિત હતો. જેમાં દુંદુભિ, વાણ, નાડી, વેણું, કર્કર, ગર્ગર, ગોઘા, પિંગ વગેરે વાદ્યોનું પ્રચલન હતું. તે સમયે મંગળ વાદ્યોના રૂપમાં વિણા, કર્કર જેવા વાદ્યોનું વાદન થતું હતું. નૃત્યના કાર્યક્રમો ખુલ્લા પ્રાંગણમાં ઉન્મુક્ત વાતાવરણમાં થતા. સામુહિક નૃત્યની ચર્ચા પણ જોવા મળે છે. ઋગ્વેદમાં લખ્યું છે કે,

ત્રિવૃદ્વૈ શિલ્પં નૃત્યં ગીતં વાદિતમિતિ

ગીત, વાદ્ય અને નૃત્ય ત્રણે શિલ્પોનો પ્રયોગ પ્રાય: અભિન્ન સહચાર્યના રૂપમાં પ્રાપ્ત થાય છે અને આ શિલ્પોની ગણના દૈવીશિલ્પોમાં છે. આની સહાયતાથી યજમાનનું વ્યક્તિત્વ સુસંસ્કૃત થઈ જાય છે.

યજુર્વેદ : સંગીતના વિકારની દષ્ટિથી આ વેદનું કોઈ મહત્ત્વ નથી પરંતુ છતાં સંગીત વિષયક તથ્યો આ વેદમાં જોવા મળે છે. આ વેદમાં યજ્ઞ સંબંધી કર્મકાંડની સાથે સામ તથા લૌકિક સંગીતની માહિતી મળે છે. આ વેદમાં નર્તક, ગાયક, વિણાવાદક, બંસીવાદક, શંખદમ, દુંદુભિવાદકનો ઉલ્લેખ છે. 'નૃતાય સૂતં । ગીત્તાય શૈલૂષમ । વાજસેનવી । મહસે વીણવાદમ્ । ઋશોય તૂણવદ્ધનમ્ । અવરસ્વરાય શંખદમમ્ । આનંદાય તલવમ્ ।'

આમ યજુર્વેદમાં સંગીત વિષયક જાણકારી પ્રાપ્ત થાય છે.

અથર્વવેદ : આ વેદમાં સામ સંગીતનો ઉલ્લેખ જોવા મળે છે. આ વેદનો સાંગીતિક આધાર સામવેદ છે. વિશિષ્ટ સામગીતો તથા સ્ત્રોતો સિવાય ગાથા, નરાશંસી, રૈભી વગેરે લૌકિક ગીતોનું ગાન વિવાહ વગેરે પ્રસંગો પર સામુહિક ગાનનો ઉલ્લેખ જોવા મળે છે. વિવિધ અવસરો તથા યજ્ઞોમાં ગીત, વીદ્ય તથા નૃત્યના પ્રયોગોનો ઉલ્લેખ જોવા મળે છે. યુધ્ધના પ્રસંગો પર દુંદુભિના ધિરગંભીર ધ્વનિનો ઉલ્લેખ જોવા મળે છે.

યશ્યાં ગાયન્તિ નૃત્યન્તિ ભમ્યાં મર્ત્યા બ્યૈલવા: ।

યુદ્વન્તે યસ્યામાત્કન્દો યસ્યાં વદતિ દુન્દુભિ: ॥

સામવેદ : સામવેદ પ્રાચીન સંગીતની દષ્ટિથી એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તે સમયે ગીત માટે સામ શબ્દનો ઉપયોગ થતો હતો. એટલે કે જે મંત્ર ગાવામાં આવે છે તે સામ છે. યજ્ઞોની વૃદ્ધિના કારણે ઉદાત નામક ઋત્વિજોનો એક સ્વતંત્ર વર્ગ બની ગયો. તેઓના માટે સ્વતંત્ર સંહિતા ગ્રંથનીત આવશ્યકતાનો અનુભવ થયો. યજ્ઞોની પ્રારંભિક અવસ્થામાં આ કાર્ય માટે એવા ગાયક વિદ્વાનો પસંદ કરવામાં આવતા હતા કે જેઓ આવશ્યક ઋચાઓને સુસ્વર સ્વરાવલિમાં ગાઈ શકે. આ સ્વરાવલિઓનું જ્ઞાન પરંપરા તથા તત્કાલિન લોક સંગીતથી ગ્રહણ કરવામાં આવતું. સંગીતનો ઉપયોગ ધર્મકૃત્યોમાં આવશ્યક હતો. તેમજ લૌકિક સમારોહમાં પણ યજ્ઞોની વૃદ્ધિની સાથે સંગીતના પૂર્ણ ઋત્વિજોની આવશ્યકતા પડી જેથી સામંગોનો એક સ્વતંત્ર વર્ગ બની ગયો.

જેઓનું કાર્ય ઋગ્વેદની ઋચાઓને શાસ્ત્રીય તથા પરંપરાનુગત ગાયન કરવું. આ જ ઋચાઓને એક સ્થાન પર સંકલિત કરવાથી સામવેદનું નિર્માણ થયું. સામવેદના બે પ્રધાન ભાગ છે. ૧. આર્થિક ૨. ગાન 'અર્ચિક' જે કેવળ ઋગ્વેદની ઋચાઓનો સંગ્રહ માત્ર છે. અને ગાન જેમાં ઋચાઓને એક વિશિષ્ટ વર્ગ દ્વારા સ્વરબદ્ધ ગાવામાં આવે છે. આ ગાન ચાર પ્રકારના છે. ૧. ગ્રામગેયગાન, ૨. આરણ્યકગાન, ૩. ઊહાગાન, ૪. ઊહ્યાગાન.

સામગાનનું પ્રમાણભૂત તત્ત્વ સ્વર છે. સામનો આરંભ 'ૐ' સ્વરથી કરવામાં આવે છે. સમાપન પણ તે જ સ્વરથી કરવામાં આવે છે. સામગાન મંદ્ર, તારતર અને તારતમ આ ત્રણ કંઠસ્થાનોમાંથી કરવામાં આવતું. ગાયનની શરૂઆત મંદ્ર સ્વરથી કરવામાં આવતી. સામવેદમાં ઉદત, અનુદાત અને સ્વરિત આ ત્રણ સ્વરોનો ઉલ્લેખ જોવા મળે છે. કહેવયા છે કે આ ત્રણ સ્વરો દ્વાર મુખ્ય સાત સ્વરો ઉત્પન્ન થયા. સામગાન સાથે વિવિધ વાદ્યોનો પ્રયોગ થતો હતો. એવું કહેવાતું કે યજ્ઞોની સફળતા માટે સ્વરસંપન્ન ગાન પરમ આવશ્યક છે. ઉપનિષદમાં કહ્યું છે કે સામનો સાંગરૂપને જાણવાવાળો પુરુષ અમરત્વને પ્રાપ્ત કરે છે.

આમ વેદોમાં વિભિન્ન સ્થાનો પર સંગીતના માહાત્મ્યનું વર્ણન જોવા મળે છે. અહીં માત્ર કેટલાક અંશોનું જ વર્ણન કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.



કહી શકાય કે કોલાહલ અને સમસ્યાઓથી ભરેલા આ સંસારમાં માનવને કોઈ ઈશ્વરદત્ત વરદાન મળ્યું હોય તો તે સંગીત છે. સંગીતથી માનવીની સર્જન શક્તિનો વિકાસ અને આત્મિક પ્રફુલ્લતા મળે છે. જન્મથી લઈને મૃત્યુ સુધી, લગ્નોત્સવથી માંડીને ધાર્મિક ઉત્સવો સુધીના પ્રસંગો માટે ઉચિક સંગીતના સાગરની બક્ષિસ આપીને પરમાત્માએ માનવીની પીડાને ઘટાડી છે.

શાસ્ત્રો કહે છે કે, 'સ્વર સાધના દ્વારા યોગી પોતાની જાતને તન્મય બનાવે છે.'

મનીષિઓ વિશ્વના મહારાજાધિરાજ ભગવાન સાથે સંગીતમય સ્વરથી સંબંધ જોડે છે અને તે દ્વારા તેને પ્રાપ્ત કરે છે. : ઋગ્વેદ

સ્વર્ગીય સૌંદર્યનું કોઈ સાકારરૂપ અને સજીવ પ્રદર્શન હોય તો તે સંગીત છે. : રવિન્દ્રનાથ ટાગોર

સંગીતથી ઉત્પન્ન થવાવાળો રસ વિશુદ્ધ આનંદમય તથા બ્રહ્માનંદ સહોદર છે. : કંઠોપનિષદ